# તલોદ-હિંમતનગર માર્ગ પર ખારી બ્રીજ પર ગાબડુ પડ્યું, ભારે વાહનો પર પ્રતિબંધ મુકવામાં આવ્યો

પ્રાંતિજ, તા. ૧૯

સાબરકાંઠા જિલ્લાનાં તલોદ- હિંમતનગર જગ્યાએ લાલ ઝંડી ઉભી કરવામાં આવી હતી અને પુલની વચ્ચે આગળ- પાછળ ચેતવણી બોર્ડ ઉભા કરવામાં આવ્યાં છે અને રામપુર ચોકડી, ધડી ચોકડી ઉપર પણ ભારે વાહનો ઉપર પ્રતિબંધ ના બોર્ડ ઉભા કરવામાં આવ્યાં.



ત્યારે આ અંગે ડેપ્યુટી એન્જીનીયર બી.બી.શાહનો ફોન ઉપર સંપર્ક કરતાં તેવોએ જણાવ્યું કે હાલ પુલનો એક સેપ્પ ઉપર ગાબડું પડયું છે અને રીપેરીંગ કામ કરવાનું હોવાનું જણાવ્યું હતું જયાં સુધી આગળની ગાઈડલાઈન ન મળે કે કામ પુર્ણ ના થાય ત્યાં સુધી હાલ ભારે વાહનો ઉપર પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે.



સાબરડેરી રોડ ઉપર પ્રાંતિજના અંબાવાડા પાસે ખારી બ્રીજ ઉપર ગાબડું પડતાં તંત્રને જાણ થતાં તંત્ર દ્વારા બ્રીજ ઉપર ચેતવણી બોર્ડ તથા ભારે વાહનો ઉપર પ્રતિબંધ લગાવવામાં આવ્યો.

તલોદ-હિંમતનગર સાબરડેરી રોડ પ્રાંતિજ ના અંબાવાડા પાસે ૫૦ વર્ષ પહેલાં બનાવેલ ખારી બ્રીજ ઉપર ગાબડું પડતાં આર.એમ.બી ને જાણ થતા તાત્કાલિક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે અને પુલની બન્ને સાઈડે માટીના ઢગ કરી રસ્તો વન વે કર્યો હતો જયારે ગાબડું પડ્યું છે તે

# પ્રાંતિજની બેંકોમાં કેશ ન હોવાથી ગ્રાહકોને ધરમ ધક્કા

## લગ્નના કામકાજ તો બાજુમાં રહ્યાં પણ બેંકોમાં લગ્નની પત્રિકા લઈને ફરતા નજરે પડે છે






પ્રાંતિજ, તા. ૧૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે છેલ્લાં બે દિવસથી વિવિધ બેંકોમાં કેશ ના હોવાથી હાલ તો છતાં પૈસે બેંક ગ્રાહકો એક બેંકમાંથી બીજી બેંકમાં ધકકા ખાઈ થાકીને ઘરે પરત ફરે છે અને વાયદા તથા રોંજીદી ચીજવસ્તુઓ ખરીદવા માટે પણ કેટલાક લોકો જોડે પૈસા ખુટી પડ્યા છે.

પ્રાંતિજ ખાતે આવેલ દેનાબેંક, એચ.ડી.એફ.સી બેંક, ગ્રામિણ બેંક સહિત બેંકોમાં છેલ્લાં બે દિવસથી બેંકો ગ્રાહકો પોતાનાં ખાતામાં પડેલ પૈસા ઉપાડવા માટે બેંકોમાં બેંક મેનેજરોને તથા કેશીયરોની હાજીભાઈ હાજી સાહેબ કહેવાનો વારો આવ્યો છે. તેમ છતાં બેંક સત્તાવાળા બેંકમાં કેશ નથી તેમ કહીને ગ્રાહકોને બેંકમાંથી કાઢી મુકવામાં આવે છે અને ઠેર- ઠેર બેંકો માં તુ...તુ. ...મે.....મે ના દ્રશ્યો જોવાં મળે છે ત્યારે શું બેંકોમાં કેશ આવતી નથી તો કેશ જાય છે ક્યાં એ પણ એક પ્રશ્ન હાલ તો ઉભો થયો છે ત્યારે હાલ લગ્ન સિઝન હોવાથી ઘરે લગ્નની ધમાલો તો બાજુમાં રહી પણ આખો પરિવાર હાલ તો બેંકોમાં લગ્નની પત્રિકાઓ લઈને આમ તેમ પૈસા માટે ફાંફા મારે છે ત્યારે હાલ તો પ્રાંતિજ સહિત તાલુકાની જનતા છતાં પૈસે ફાંફા મારતાં નજરે પડે છે ત્યારે હાલ તો લોકો હસતા મોંઢે બેંકોમાં જતાં જોવા મળે છે અને વીલા મોઢે બધી બેંકોના દર્શન કરી પરત ફરે છે.

# સાબરડેરી દ્વારા જિલ્લા ખરીદ વેચાણ સંઘે પાંચ દિવસમાં ૫૬૧૮૪ બોરી મગફળી ખરીદી

## ટેકાના ભાવે મગફળી ખરીદીમાં મોડાસા કેન્દ્રમાં ૭૩૮૦ અને હિંમતનગરમાં ૧૧૯૮૩ બોરીની આવક

મોડાસા તા.૧૮

અરવલ્લી સાબરકાંઠાના ખેડૂતોને મગફળીના ટેકાના ભાવ મળી રહે તેવા શુભાશયથી સાબરડેરીએ પહેલ કરીને ખેડૂતોના હિતમાં મગફળી ખરીદી કરવાના નિર્ણયને પગલે ડિરેક્ટર્સે બન્ને જિલ્લાના ૯ ખરીદ કેન્દ્રો પર મગફળી ખરીદવા કરેલા નિર્ણયના પગલે જિલ્લા ખ.વે.સંઘ મારફતે ૧૪ મી થી ખરીદી શરૂ કરતા ૧૮મી સુધીમાં ૯ કેન્દ્રો ઉપર ૫૬૧૮૪ બોરી મગફળી ટેકાના રૂ.૮૪૪ ના ૨૨૨૩ બોરી મગફળી ખરીદવામાં આવી છે.

જયારે સાબરકાંઠા જિલ્લામાં અન્ય ખરીદ કેન્દ્રો ઈડર ૯૨૨૦ બોરી, વડાલી ૬૬૮૧ બોરી, ખેડબ્રહ્મા ૫૩૯૨ બોરી અને તલોદ ખરીદ



સાબરકાંઠા જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘે ચાલુ કરેલી મગફળીની ખરીદીમાં આજદિન સુધીના પાંચ જ દિવસમાં અરવલ્લીના ચાર સહિત બન્ને જિલ્લાઓન ૯ ખરીદ કેન્દ્રો ઉપર ૫૬૧૮૪ બોરી મગફળીની આવક થવા પામી છે. સાબરકાંઠા જિ. સ. ખ. વે. સંઘના ચેરમેન જ્યંતિભાઈ પટેલે જણાવ્યું કે સાબરડેરીના ચેરમેન જેઠાભાઈ પટેલ અને બોર્ડ ઓફ ભાવે ખરીદી કરવામાં આવી છે.

જેમાં સાબરકાંઠામાં સહુથી વધુ હિંમતનગર કેન્દ્રમાં ૧૧૯૮૩ બોરી જયારે અરવલ્લીમાં સહુથી વધુ એપીએમસી મોડાસાના કેન્દ્ ઉપર આજ સુધી ૭૩૮૦ બોરી મગફળીની ખરીદી થઈ છે. જયારે અરવલ્લી જિલ્લામાં અન્ય ખરીદ કેન્દ્રો બાયડ ૫૪૭૬ બોરી, ધનસુરા ૨૫૫૦ બોરી અને ભિલોડા માર્કેટ યાર્ડના કેન્દ્રમાં કેન્દ્રમાં ૫૨૭૯ બોરી મગફળી ૫ દિવસમાં ખરીદવામાં આવી છે. રૂ.૫૦૦ અને ૧૦૦૦ની ચલણી નોટો બંધ થવાના પગલે ખેડૂતો માટે ગંજ બજારોમાં વેપારીઓ સાથેની સીધી ખરીદીમાં નાણાં ચુકવણીની સમસ્યા સમયે જ ટેકાના ભાવે મગફળી ખરીદી શરુ થઈ જતા અને હાલ પણ ચાલુ રહેતા મગફળી પકવતા ખેડૂતોમાં રાહતની લાગણી અનુભવાઈ રહી છે.

## પાલનપુરના ગઠામણ પાટિયા પાસે જાહેરમાં જુગાર રમતા ૪ શકુનીઓ ઝડપાયા

પાલનપુર શહેરમાં દારૂ જુગારની બદી પર પોલીસની ઘોંશ વધી છે. છતાં છાને છપને દારૂ જુગારનું દુષણ ચાલતું હોવાની બુમરાણ વચ્ચે આજે એલ.સી.બી.પોલીસે ગઠામન પાટિયા પાસે જાહેરમાં જુગાર રમતા ૪ શકુનીઓને ઝડપી લીધા હતા. પોલીસે જુગારીયાઓ પાસેથી ૧૦ હજારની રોકડ રકમ અને ૫ મોબાઈલ સહિત કુલ રૂપિયા ૧૮૦૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પાલનપુર-અમદાવાદ હાઈવે પર ગઠામન પાટિયા પાસે જાહેરમાં જુગાર રમાતો હોવાની બાતમીના આધારે એલ.સી.બી.પોલીસે રેડ કરી હતી. જેમાં જુગાર રમતા (૧)દિનેશ ચેતન ઠાકોર રહે. બેચરપુરા, પાલનપુર (૨)બાબુ ગુંગા લુહાર રહે.ઉંણ તા.કાંકરેજ (૩)મુકેશ વસંત ઠક્કર રહે.તિરુપતિ સોસાયટી, પાલનપુર (૪)જગદીશ સજા મારવાડી રહે.ગઠામન પાટિયા, પાલનપુર (૫)મણાજી મોહનજી ઠાકોર રહે. જુના લક્ષ્મીપુરા, પાલનપુર વાળાને પોલિસે દબોચી લીધા હતા. પોલીસે તમામ જુગારીયાઓ સામે જુગારધારા ની કલમ ૧૨-અ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ધનસુરા કેળવણી મંડળના પ્રમુખ, મંત્રી પર હિચકારો હૂમલો

અરવલ્લી, તા. ૧૯

અરવલ્લી જિલ્લાના ધનસુરા કેળવણી મંડળના પ્રમુખ તથા મંત્રી



ઉપર થયેલ હિચકારા હૂમલાને સમગ્ર ધનસુરાની આમ જનતાએ સખત શબ્દોમાં વખોડી કાઢ્યો હતો. અને બજારો બંધ રાખી વિરોધ વ્યક્ત કરી તટસ્થ તપાસની માંગણી કરેલ છે.

સિનિયર સિટીઝન એવા આ બન્ને જયંતિલાલ વિરચંદદાસ શાહ પ્રમુખ, જયંતિલાલ છોટાલાલ શાહ મંત્રી ૮૨ વર્ષની ઉંમરના પ્રતિષ્ઠિત વ્યક્તિઓના જાહેરમાં માનહાની કરી કપડા ફાડી કફોડી હાલતમાં મુકી દેવાની ઘટનાને સમગ્ર ધનસુરા નગરજનોએ એક થઈ બજારો બંધ રાખી સખત વિરોધ નોંધાવ્યો હતો. મહિલાઓએ પણ આક્રોશ ઠાલવી વિરોધ નોંધાવી જવાબદાર તત્વો સામે કાયદેસર કડકાઈથી પગલા લેવાની માંગણી કરેલ છે. આ ઘટનાની જાણ જિલ્લા પોલીસ વડા ડામોરને થતા તેઓ તેમજ ડીવાયએસપી અને પોલીસ કાફલો ધનસુરા ખાતે ઉતરી પડ્યો હતો. અને આ કૃત્ય કરનારની સામે કડક પગલાની પીએસઆઈને આદેશ કર્યો હતો.

સમગ્ર ઘટનાની વિગત એવી છે કે ધનસુરા કેળવણી મંડળ સંચાલિત આર.એસ.વી.જી. પટેલ ગર્લ્સ હાઈસ્કૂલમાં ફાજલ પડેલ શિક્ષક પટેલ ગિરીશભાઈ મગનભાઈ મોડાસા ખાતેથી ત્રિવેણી



વિદ્યાલયમાંથી છેલ્લા પાંચ વર્ષથી ફાજલ પડેલ જિલ્લા શિક્ષણાધિકારીએ આ ફાજલ શિક્ષકને સદર સ્કૂલમાં હાજર કરવા ઓર્ડર કરેલ. શાળાના પ્રિન્સિપાલ અને મંડળના હોદ્દેદારોએ જગ્યા પડશે તો હાજર રહીશુ પરંતુ સદર શિક્ષકને ગમે તે કારણસર મંડળના પ્રમુખ, મંત્રી હાજર થવા ન દેતા હોવાનું લાગતા આવેશમાં આવી આ હીચકારો હૂમલો કરી પ્રમુખ, મંત્રીને જાહેરમાં બિભત્સ વર્તન કરી કપડા ફાડી ધમકી આપવાની ઘટના સમગ્ર અરવલ્લી જિલ્લામાં ટોક ઓફ ધી ડીસ્ટ્રીક બની છે. જિલ્લાના તમામ શિક્ષણ સંસ્થાઓના સંચાલકોએ પણ આ ઘટનાને વખોડી યોગ્ય પગલા ભરવા જણાવેલ છે.

# મહેસાણામાં ઈંગ્લિશ દારૂનો વેપલો કરતા આરોપીને ઝબ્બે કરતી પાલનપુર તાલુકા પોલીસ

ચિત્રાસણી પુલ નાળા નીચે પ્રોહી નાકાબંધી કરી આબુરોડ તરફથી આવતી ઈનોવા ગાડી નં. જીજે.૩-સી.એ.૭૭૪૯ની રોકાવી તેના ચાલક દિનેશભાઈ સમરતાજી રાવલ રહે. દાદાવાડી પાછળ મંડાર, તા. રેવદર, જી. શિરોહી રાજસ્થાનવાળાને પકડી તેની કબજાની ઈનોવા ગાડીમાંથી જુદા જુદા માર્કોની નાની મોટી પરરપ્રાંતિય ઈંગ્લિશ દારૂ તથા બીયરની કુલ પેટીઓ નંગ ૩૨ જેમાં કુલ બોટલો નંગ ૮૫૧ કિ. ૧,૨૧,૫૦૦નો તથા મોબાઈલ ફોન-૧ કિ. ૧૦૦૦ તથા ઈનોવાની કિં. રૂ. ૩,૦૦,૦૦૦ મળી કુલ કિ. રૂ. ૪,૨૨,૫૦૦ મુદ્દામાલ સાથે પકડાઈ જતાં તેની સામે કાયદેસરની કાર્યવાહી કરી તપાસ હાથ ધરવામાં આવેલ અને આ ગુન્હાના મુળ સુધી પહોંચવા સારૂ પોલીસ અધિક્ષક નિરજ બડગુજરની સુચના અને ના.પો.અધિ. બી.એ. ચાવડા પાલનપુર, સર્કલ પો.ઈન્સ., એન.ડી. અસારીના માર્ગદર્શન હેઠળ પો.સ.ઈ. જે.એચ. સિંઘવ તથા તેમની ટીમના માણસોએ આરોપીની સઘન પુછપરછ કરી પકડાયેલ પરપ્રાંતીય ઈંગ્લિશ દારૂ ક્યાં આપવાનો હતો તેની તપાસ કરતાં આરોપીએ આ ઈંગ્લિશ દારૂ મહેસાણાના ટી.બી. રોડ ઉપર ઈંગ્લિશ દારૂનો વેપાર કરતા શકરાજી વરવાજી ઠાકોર રહે. મહેસાણાવાળાને આપવાની હકીકત જણાવતા આ ગુન્હાના કામે સદરહુ આરોપીની તપાસ કરી ગુન્હાના મુળ સુધી પહોંચી કાયદેસરની કાર્યવાહી કરી છે.

# મોડાસાના ડુગરવાડામાં હડકાયા કુતરાનો આતંક

## ૧૨થી વધુને બચકા ભર્યા : હડકાયા કુતરાથી ઘાયલ ૫ કરતા વધુ લોકો હોસ્પિટલમાં સારવાર હેઠળ : લોકો ભયભીત

મોડાસા, તા. ૧૯

અરવલ્લી જિલ્લાના મોડાસાના ડુઘરવાડા ગામે હડકાયા કુતરાએ આતંક મચાવ્યો હતો. જેના કારણે ગામમાં નાસભાગ મચી ગઈ હતી અને ૧૨થી વધુ લોકોને હડકાયા કુતરાએ બચકા ભરી લેતા ગામ લોકોમાં ફફડાટ વ્યાપી ગયો છે. તમામ લોકો ભયના ઓથાર હેઠળ જીવી રહ્યા છે. ઘાયલ લોકોને સારવાર અર્થે ખસેડાયા છે.

આજે વહેલી સવારે મોડાસા નજીક ડુગરવાડા ગામમાં વહેલી સવારે હડકાયા કુતરાએ આતંક મચાવ્યો હતો અને ગામમાં એક પછી એક જે મળ્યું તેને બચકાં ભરતા લોકોમાં નાસભાગ મચી ગઈ હતી.

હડકાયા કુતરાએ મહિલાઓ, પુરૂષોને બચકા ભરતા તમામ લોકોને ખાનગી વાહનો અને ૧૦૮ દ્વારા સરકારી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જેમાના કેટલાક લોકોને મોઢાના ભાગે ગંભીર ઈજાઓ થવા પામી છે. જ્યારે





પાંચ કરતા વધારે લોકો હાલ પણ હોસ્પિટલમાં સારવાર મેળવી રહ્યા છે. સાથે આ કુતરાએ બે પશુઓને પણ બચકા ભરી લેતા પશુ પાલકોમાં પણ ફફડાટ વ્યાપી ગયો છે.

કુતરાના આતંકથી ગામજનોમાં ભયની લાગણી વ્યાપી ગઈ છે. અને તંત્ર દ્વારા હડકાયા કુતરાને ઝડપી લઈ પાંજરે પુરી દઈ તેનાથી સલામતી બક્ષવામાં આવે તેવી સ્થાનિકો માંગ ઉઠાવી રહ્યા છે.

આવી જ હડકાયા કુતરાની આતંકી ઘટના સાતેક વર્ષ પહેલા મોડાસા તાલુકામાં રાજપુર, બાકરોલ અને જીતપુર વિસ્તારમાં બનતા તે સમયે કુતરૂ કરડવાથી અનેક લોકો ઈજાગ્રસ્ત થયા હતા તે પૈકી સારવાર દરમિયાન એક વયોવૃદ્ધનું મોત પણ થયું હતું.

અરવલ્લી જિલ્લાના મોડાસાના ડુગરવાડા ગામે હડકાયા કુતરાએ આતંક મચાવ્યો હતો. જેના કારણે ગામમાં નાસભાગ મચી ગઈ હતી અને ૧૨થી વધુ લોકોને હડકાયા કુતરાએ બચકા ભરી લેતા ગામ લોકોમાં ફફડાટ વ્યાપી ગયો છે. તમામ લોકો ભયના ઓથાર હેઠળ જીવી રહ્યા છે. ઘાયલ લોકોને સારવાર અર્થે ખસેડાયા છે.